# ઓનલાઈન પ્રવેશ માટેની અગત્યની સૂચનાઓ

- **ઓનલાઈન પ્રવેશ મેળવવા માટે નીચે જણાવેલ સ્ટેપ મુજબ ફોર્મ ભરવાનું રહેશે.**

1. Registration
2. Sign In
3. Pay Fees
4. Form Entry
5. Document Uploads
6. Print Form

## 1) Registration:

- પ્રવેશાર્થીએ સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- પ્રવેશાર્થીએ પોતાનું નામ ($10^{th}$ & $12^{th}$ )પરીક્ષા પાસ કરેલ હોય તે માર્કશીટમાં દર્શાવેલ નામ મુજબ જ ભરવાનું રહેશે.
- પ્રવેશાર્થીએ જાતિ અને કોર્સ પસંદ કરવાનો રહેશે.
- પ્રવેશાર્થીએ જે વિષયમાં સ્નાતક થવું હોય તે મુજબ મુખ્ય વિષય પસંદ કરવાના રહેશે.
- પ્રવેશાર્થી ફ્રીશીપ કાર્ડ ધરાવતો હોય તો 'Yes' વિકલ્પ પસંદ કરવો.
- પ્રવેશાર્થીએ મેળવેલ માહિતી પુસ્તિકામાં આપેલ User Name & Password થી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- રજીસ્ટ્રેશન કર્યા બાદ તેમાં કોર્સ, વર્ષ, નામ અને ફ્રીશીપ કાર્ડના વિકલ્પમાં એક જ વખત સુધારો કરી શકશે તેથી ચોકસાઈપૂર્વક રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

## 2) Sign In

- પ્રવેશાર્થી મેળવેલ માહિતી પુસ્તિકામાં યુનિવર્સિટી દ્વારા આપેલ User Name & Password થી જ Sign In કરી શકશે.
- Sign In કરતા પહેલા પ્રવેશાર્થીએ ફરજિયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- પ્રવેશાર્થી પોતાનો Password બદલી શકશે જેમાં પ્રવેશાર્થીએ જૂનો Password આપી નવો Password Set કરી શકશે.

## 3) Pay Fees

- **પ્રવેશાર્થીએ કોર્સની ફી SBI Collect થી જ ભરવાની રહેશે.**

  પ્રવેશાર્થીએ SBI Collect થી ફી ભરવા માટે 'SBI Collect' પર ક્લીક કરી 'Gujarat' વિકલ્પ પસંદ કરો. ત્યારબાદ 'Educational Institution' વિકલ્પ પસંદ કરી 'Dr. Babasaheb Ambedkar Open University'નો વિકલ્પ પસંદ કરો. જેમાં આપેલ વિકલ્પોમાંથી લાગુ પડતી 'Course-Category' પસંદ કરવાની રહેશે. જેમકે પ્રથમ વર્ષ BA માટે ભાઈઓએ **F.Y.B.A./B.Com.-Male** વિકલ્પ પસંદ કરવો. ત્યારબાદ SBI કે અન્ય બેંકના નેટ બેંકીંગ, ડેબિટ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડથી ફી ભરી શકાશે. જેની રીસીપ્ટની પ્રિન્ટ કાઢવાની રહેશે જે ફોર્મની હાર્ડકોપી સાથે બીડવાની રહેશે. {રીસીપ્ટની (PDF) સોફ્ટ કોપી પોતાના માટે સાચવીને રાખવી.} રીસીપ્ટમાં દર્શાવેલ SBIcollect Reference Number ફોર્મ એન્ટ્રી વખતે એન્ટર કરવો.

## 4) Form Entry

- પ્રવેશાર્થીએ મહિતી પુસ્તિકામાં કોર્સ પ્રમાણે સ્ટડી સેન્ટર સિલેક્ટ કરવાનું રહેશે.
- પ્રવેશાર્થીએ પોતાનું સરનામું ફરજિયાત ભરવાનું રહેશે જેમાં Pin Code અને Mobile No ફરજિયાત ભરવાનો રહેશે. ઝડપી પ્રત્યાયન માટે e-mail નો પણ આગ્રહ છે.
- પ્રવેશાર્થીએ પોતાની Personal Details માં Birthdate, Religion, Blind, Handicap, Sex, Professional ,Income વગેરે ભરવાની રહેશે.
- પ્રવેશાર્થીએ પોતાની છેલ્લી પરીક્ષા પાસ કરેલ ડીગ્રીની સંપૂર્ણ માહિતી, જેમ કે Board/University/Year/Seat No/Percentage વગેરે ભરવાના રહેશે.
- પ્રવેશાર્થીએ B.A./B.Com. માં Subject નું સિલેક્શન કરવાનું રહેશે.
- પ્રવેશાર્થીને Payment માટે SBI collect થી ભરેલ ફીની રીસીપ્ટમાં દર્શાવેલ SBIcollect Reference Number એન્ટર કરવો. નિયમાનુસાર લાગુ પડતું Free-ship Card ધરાવતા વિદ્યાર્થીઓએ ફી ભરવાની નથી તેઓએ Freeship Card વિકલ્પ પસંદ કરવો.
- તમામ માહિતી ભર્યા બાદ પ્રવેશાર્થીએ Save બટન પર ક્લિક કરવાનું રહેશે.

## 5) Document Uploads:-

- પ્રવેશાર્થીએ Online Admissionના મેનુમાં ડોક્યુમેન્ટ અપલોડમાં જઇ સ્કેન કરેલ ડોક્યુમેન્ટ (ફોટો, સહી, માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કાસ્ટ સર્ટિફિકેટ, ફીની રીસીપ્ટ) અપલોડ કરવાના રહેશે. (ફોટો અને સહીની size 20kb તથા માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કાસ્ટ સર્ટિફિકેટ, ફીની રીસીપ્ટની size 100kb થી 150kb સુધીની અપલોડ કરવાની રહેશે.)
- પ્રવેશાર્થીએ રેડ માર્ક કરેલ ફિલ્ડના ડોક્યુમેન્ટ્સ ફરજિયાત અપલોડ કરવાના રહેશે.
- જે પ્રવેશાર્થી SC/ST કેટેગરી ધરાવતા હોય તેમણે કાસ્ટ સર્ટિફિકેટ ફરજિયાત અપલોડ કરવાનું રહેશે.

## 6) Print form :-

- પ્રવેશાર્થીએ Print form આપતા પહેલા તમામ વિગતો ચેક કરવાની રહેશે.
- પ્રવેશાર્થી એક જ વાર ફોર્મમાં સુધારો કરી શકશે.
- પ્રવેશાર્થીએ ત્યારબાદ Final-Submission બટન પર ક્લીક કરવાનું રહેશે.
- પ્રવેશાર્થીએ E-Admission Form પ્રિન્ટ કરી નીચે મુજબના ડોક્યુમેન્ટ અટેચ કરી પસંદ કરેલ સ્ટડી સેન્ટર પર આપેલ સમય મર્યાદામાં જમા કરાવવાનું રહેશે.
  1. માર્કશીટ
  2. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
  3. કાસ્ટ સર્ટિફિકેટ
  4. ફીની રીસીપ્ટ